ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષ: ૧૧ |અંક: ૧| જુલાઈ - ૨૦૨૫
કિંમત: ૧૦/-



# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક
## સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



**ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન**

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**



॥ ૐ નમઃ ॥

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ



**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જુલાઈ-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૧
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

પરમ પૂજ્ય ગુરુજી એમના જાહેર પ્રવચનમાં હંમેશા કહેતા હોય છે કે કુદરતી થતી ઘટનાઓ ક્યારેય બદલી શકાતી નથી, પરંતુ જે વસ્તુ મનુષ્યએ બનાવી છે તેમાં મંત્ર દ્વારા અચૂક પરિવર્તન લાવી શકાય છે. ગુરુજી રચિત વાદત મંત્ર અને મંત્રશક્તિપાત આ પૃથ્વી પરના મનુષ્ય માટે એવી અણમોલ તાકાત છે કે મનુષ્ય એનો નિયમિત જાપ કરે તો તેના જીવનમાં અશક્ય બદલાવ લાવી શકે છે. ગુરુજી રચિત મંત્રો અને સાધનાઓ આ કળિયુગમાં બ્રહ્માસ્ત્ર સમાન છે.

આજે આ મેગેઝિનના માધ્યમથી હું આપ સર્વેને જણાવવા માંગુ છું કે પોતાની શારીરિક સમસ્યાને અવગણીને પણ પરમ પૂજ્ય ગુરુજી માનવસેવાના ઉમદા કાર્યમાં પણ ખૂબ મોટું યોગદાન આપે છે. ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દિવ્યાંગો માટે અને માનવસેવાના કાર્ય માટે સતત પ્રયત્નશીલ છે. માટે આપ પણ માનવસેવાના આ મહાન કાર્યમાં આપનું યોગદાન આપી પુણ્યના ભાગીદાર અચૂક બનો.

અહીં ગુરુજી રચિત એક ગઝલ રચના રજૂ કરું છું.

## ‘ખુમારી’

**પરમ નાદ ભીતર પળેપળ શ્વસે છે, ચરમ ચેતના કળ ભીંસીને કસે છે.**
**મુરાદાને ટાટા અમે કહી દીધું છે, ખણકતી ખુમારી ખ’ખળતી ઘસે છે.**
**નથી કાંઇ એમ જ તીખારાઓ પ્રગટ્યા, કે પૂર્વજની પુણ્યાઇ ચકમક ઘસે છે.**
**ખસેડી છે હળવેથી ખિસ્સાની ખણખણ, અકડ એની મેળે ધીરેથી ખસે છે.**
**અમે એની સામે ન ભોં ભોં કરીશું, જૂની એની આદત, ભલે એ ભસે છે.**
**રીપુ ષટ તો ચાલાકી કરતાં જ રહેશે, રહો ના જો સાવધ તો જબરા ગ્રસે છે.**
**જુઓ મંત્રથી લોક-રુદિયે વસે છે, સદા ૐગુરુ પીડમાં પણ હસે છે.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો, દિવ્ય સાધનાઓ તેમજ વિવિધ દિવ્ય રાહો દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમ:...

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમ: ||




# જન્માષ્ટમીના પાવન દિનથી

## ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં જન્માષ્ટમીને ''વ્રતરાજ'' કહેવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ભાદ્રપદની કૃષ્ણપક્ષની અષ્ટમીના રોહિણી નક્ષત્રમાં થયો હોવાના કારણે તેને ''કૃષ્ણ જન્માષ્ટમી'' કહેવામાં આવે છે. સૃષ્ટિના પાલનહાર શ્રીહરિ વિષ્ણુના આઠમા અવતાર એટલે ભગવાન શ્રીકૃષ્ણ. ભગવદ્ ગીતામાં એક લોકપ્રિય કથન એવું પણ છે કે - જ્યારે દુર્ભાવના વધશે અને ધર્મની હાનિ (નુકશાન) થશે ત્યારે બુરાઈને ખત્મ કરવા અને સદ્ભાવના બચાવવા હું અવતાર લઈશ. જન્માષ્ટમી એ સદ્ભાવનાને વધારવા અને દુર્ભાવનાને દૂર કરવા પ્રોત્સાહિત કરે છે. કહેવાય છે કે ભગવાન વિષ્ણુએ પૃથ્વીને પાપમુક્ત કરવા હેતુ ભાદ્ર માસની કૃષ્ણપક્ષની અષ્ટમીનાં મધ્યરાત્રિએ રોહિણી નક્ષત્રમાં કૃષ્ણ સ્વરૂપે અવતાર લીધો હતો.

આવા પરમ અવતરિત ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની રચના કેવી રીતે મારાથી શક્ય બનાવી અને એની પાછળનું દિવ્ય રહસ્ય શું છે એના વિશે આપ સૌને વિસ્તારપૂર્વક અને સંપૂર્ણ સત્ય હું જણાવી રહ્યો છું.

મારા જીવનમાં બનેલી આ એક અલૌકિક ઘટના છે અને આવી દિવ્ય અનુભૂતિ માટે જન્મોના જન્મ પણ ઓછા પડે એવું હું ચોક્કસ કહીશ. આ સત્યઘટના છે વર્ષ-૨૦૨૧ના કોરોનાકાળ દરમ્યાનની જ્યારે હું

ૐકારધામ તીર્થ, પાનવામાં કોરોનાના કારણે ત્યાં રહી રહ્યો હતો.

ૐકારધામ તીર્થમાં સાંજનો મારો નિત્યક્રમ એવો હતો કે પાંચેય મંદિરે દર્શન કર્યા બાદ તીર્થની મધ્યમાં મોટા આકારનો ૐ મેં ત્યાં સ્થાપિત કરેલો છે. નિયમિત રીતે હું રોજ બે થી અઢી કલાક ત્યાં વ્હીલચેરમાં બેસતો હતો અને કુદરતના સાનિધ્યમાં બે-અઢી કલાક સતત ૐનું સ્મરણ કરતો રહેતો હતો.

ઘણાં વર્ષો બાદ આ સમય દરમ્યાન શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન પણ હું ત્યાં જ બેસીને કરતો હતો. વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૫ દરમ્યાન મેં શ્રીમદ્  ભગવદ્ ગીતાનું પઠન કર્યું હતું ત્યારબાદ ૨૦૨૧માં ફરીવાર આખી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન કરવાનો અવસર મને કોરોનાકાળ દરમ્યાન મળ્યો.

લગભગ એક મહિના સુધી ભગવદ્ ગીતાનું પઠન કરતી વખતે મનમાં હું સતત એવું વિચારતો હતો કે એવું હું શું કરી શકું કે ભગવાન શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન જે પ્રેરણાત્મક છે અને લાખો સંતો ભગવાન શ્રીકૃષ્ણની મહિમા, ગાથા તેમજ એમના ઉપદેશની ચર્ચા પોતાના દષ્ટિકોણથી કરતા રહ્યા છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પર જેટલું લખાયું છે તેમજ જેટલું પણ વિવેચન થયું છે એટલું કોઈપણ ધાર્મિક ગ્રંથ ઉપર આ બ્રહ્માંડમાં નથી થયું. મારા મનમાં એ સંકલ્પને હું રોજ દોહરાવતો હતો કે હે ભગવાન શ્રીકૃષ્ણ આપ મને આપના દર્શન અને કોઈ બોધ આપો, આપ મને કોઈક એવું જ્ઞાન આપો કે જેનાથી હું કશુંક એવું યોગદાન આપી શકું કે મને એવું થાય કે મેં મારા જીવનમાં ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશને મારા જીવનમાં ઉતાર્યો અને આ સંકલ્પ કર્યા બાદ  સતત મેં રચિત કરેલો ભગવાન શ્રીકૃષ્ણનો બીજમંત્ર જે એમના સાક્ષાત્કાર માટેનો હતો એનું રટણ કરતો.

બીજમંત્રનું રટણ કરવા પાછળ મારી એવી ભાવના હતી કે હું એમના દર્શનને પામી શકું અને મારા જીવનને એમના દિવ્ય દર્શનથી ધન્ય બનાવી શકું. આ સંકલ્પનું મનોમન સ્મરણ કરતા હું બીજમંત્રનો જાપ રોજ રટણ કરતો હતો.

તમને કદાચ મારી વાત અતિશયોક્તિ લાગશે પરંતુ હું સો ટકા સંપૂર્ણ સત્ય કહી  રહ્યો છું. આ સત્યઘટના હું પૂરા હોશહવાશમાં ખુલ્લા મનથી, સાચા મન અને હૃદયથી આ વાત આપને કહું છું. હું જ્યાં બેઠો હતો ત્યાં બરાબર સામે ગોળ ફરતો એક ઓટલો છે.

હું ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા કરતા બીજમંત્રનું રટણ કરતો હતો અને બરાબર એ જ વખતે ભગવાન શ્રીકૃષ્ણનું સંપૂર્ણ સ્વરૂપ મારી સામે પ્રગટ થયું. એમની આભાના તેજોમય પ્રકાશથી હું ધન્ય બન્યો. દર્શનના માધ્યમથી એ મને કોઈ ઉપદેશ આપતા હોય એવું મને સતત અનુભવાયું.

મને લાગતું હતું કે એ ત્રણ-ચાર મિનિટનો સમય મને દર્શનના માધ્યમથી ઉપદેશ આપી રહ્યા છે અને મને કશુંક કહી રહ્યા છે અને હું સાંભળી રહ્યો છું. ચાર મિનિટ પછી ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય આભા જેમ

તમે મને જોઈ રહ્યા છો એ જ રીતે હું પણ જોઈ રહ્યો હતો. મારું મન એકદમ સ્થિર અને પ્રજ્વલિત થઈ ઉઠ્યું હતું અને હું ચોક્કસપણે કહી શકું છું કે આ કોઈ જાતની ભ્રમણા હતી જ નહિ. મેં એમના દર્શન ચર્મચક્ષુથી કર્યા અને મેં એમને સાંભળ્યા.

ત્યારબાદ એમણે કીધેલી વાત અથવા હું સમજ્યો એ વાત ઉપર વિશ્લેષણ અને વિચારણા ચાલુ કરી દીધી. ભગવાન શ્રીકૃષ્ણએ મને કહ્યું શ્રીમદ્ ભાગવત તરફ દષ્ટિ કર, શ્રીમદ્ ભાગવત, આટલું જ મેં સાંભળ્યું છે. આનાથી વધારે એ ચાર મિનિટમાં મને કશું સ્પષ્ટ સમજાયું નથી કે સંભળાયું નથી. હું એમના દર્શનમાં લીન હતો. એમણે જે કંઈ કીધું એ હજુ સુધી હું સમજી શક્યો નથી. એ સમજવાનું કદાચ મારું સામર્થ્ય નહીં હોય. આપ વાંચનારને કદાચ એવું પણ લાગશે કે મારી વાતમાં અતિશયોક્તિ છે અથવા તો મને ભ્રમણા થઈ હશે પણ મને જરા પણ ભ્રમણા થઈ નથી. આ વાત ફરી ને ફરી આપને જણાવી રહ્યો છું.

૩૨ વર્ષના મારા આધ્યાત્મિક જીવનમાં મેં ક્યારેય પણ કોઈ વાત જે અધ્યાત્મ સાથે જોડાયેલી હોય, ઈશ્વર સાથે જોડાયેલી હોય એ વાત હંમેશા સંપૂર્ણ સત્ય જ રજૂ કરી છે અને મારો આ સાક્ષાત્કાર પણ તમને એ જ રીતે રજૂ કરું છું. જે ભક્તજનો ભગવાન શ્રીકૃષ્ણને દિલથી અને પૂરી શ્રદ્ધાથી માનતા હશે એમને મારી વાતની સત્યતા જરૂરથી સમજાઈ જશે. મેં એમના દિવ્ય દર્શન કર્યા અને મેં ચાર મિનિટ માત્ર ભાગવત શબ્દ સાંભળ્યો. ભાગવતની શરણે જા, ભાગવત તરફ પ્રયાણ કર આટલું જ મને સમજાયું.

શ્રીમદ્ ભાગવત પર જ્યારે મેં વાંચન શરૂ કર્યું, સમજવાનું શરૂ કર્યું અવતારો વિશે જે પહેલા હું બહુ જ ઊંડાણમાં ગયો હતો તો છતાં વધારે ઉંડાણમાં કદાચ અઢાર વર્ષ પછી શ્રીમદ્ ભાગવતમાં ઉતર્યો હોઈશ. ઘણીબધી વાતો નવી લાગી. એક જ વાક્ય મારા મનમાં હતું કે શ્રીમદ્ ભાગવતના શરણમાં જા અને મેં કઈ રીતે એ પ્રેરણાથી શ્રીમદ્ ભાગવત ચાલીસા લખી એ તમે હવે સમજી શકો છો. હું એમાં લખનાર નથી કે મેં લખી જ નથી. મેં વિરચિત નથી કરી પણ એ મારી પાસે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કરાવવામાં આવી છે અને કદાચ આ યુગો-યુગો સુધી મારી આ સત્ય વાત હજારો ભક્તોના મનમાં ગૂંજતી રહેશે. હું ઈચ્છું છું કે એમણે મને એક ઉપદેશ આપ્યો છે તો મને આગળ પણ નવો કોઈ ઉપદેશ આપશે અને એટલે જ મેં નક્કી કર્યું છે કે નવા ઉપદેશની પ્રાપ્તિ માટે ઘરે-ઘરે શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું પુસ્તક નિ:શુલ્ક વિતરણ કરવું અને ભગવાન શ્રીકૃષ્ણના ભક્તો એમાં મને સહાયક બનશે એવી મને ખાતરી છે.

ભગવાન શ્રીકૃષ્ણના પ્રત્યક્ષ દર્શન પામવા એ એક લ્હાવો છે. એ જ જીવનની ધન્ય પળ છે. મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી, મેં ક્યારેય પણ કોઈ ભક્તોને જ્યાં સુધી શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની રચના નહોતી થઈ ત્યાં સુધી કોઈને જણાવ્યું પણ ન હતું.

શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની રચના કઈ રીતે થઈ એનો સવાલ વારંવાર મને પૂછવામાં આવી રહ્યો

છે માટે જ મારે આજે આ સત્યઘટના આપની સમક્ષ મુકવી પડે છે. કોઈ મને એવું ના સમજે કે આ મહાન તપસ્વી છે, ના, મને જે કહેવામાં આવ્યું મને જે દર્શન આપવામાં આવ્યા અને મારી પાસે જે કરાવવામાં આવ્યું એ મેં નિમિત્ત બનીને કર્યું છે. હું અહીંયા કર્તા નથી. જ્યાં હું કર્તા હોઉં છું ત્યાં હું છાતી ઠોકીને કહું છું કે આ મંત્રશક્તિપાત કે મંત્રની રચના મેં કરી છે. આમાં હું કર્તા નથી. આમાં મારું કોઈ જ યોગદાન કે હિસ્સો નથી. સંપૂર્ણતઃ શ્રીમદ્ ભાગવત્ ચાલીસા ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય આશીર્વાદથી એમણે સન્મુખ રહીને મારી પાસે લખાવ્યા છે એવું દઢપણે માનું છું.

આ મારું સત્ય છે અને આ સદા સનાતન સત્ય યુગો-યુગો સુધી રહેશે. કદાચ કોઈને એવું લાગતું હોય કે મને કદાચ ભ્રમ હશે, ભ્રમણા હશે તો મેં બહુ જ ચોકસાઈ કરી લીધી છે કે કોઈ જગ્યાએ હું ભ્રમણામાં નથી કે નથી ભ્રમિત થયો, નથી હું વિષયથી ચૂક્યો, નથી એમના દિવ્ય દર્શનનો મને કોઈ આભાસ થયો. જે હતો એ બધો જ સાક્ષાત્કાર છે. શ્રીમદ્ ભાગવત્ ચાલીસા લોકો સાંભળશે, પઠન કરશે કેમકે એમને ખબર છે કે એનું મહત્ત્વ કેટલું તેજોમય છે. તો મારે ભગવાન શ્રીકૃષ્ણના મને થયેલા દર્શનની આ ઘટના મારે કહેવી કેમ પડે? પરંતુ જો હું ના કહું અને હું એમ કહું કે મેં જ આ રચના કરી છે તો મને પાપ-દોષ લાગે. મને ભગવાન શ્રીકૃષ્ણએ આ કરાવ્યું છે. તમે માનો, ના માનો એ તમારી મરજીની વાત છે પણ મારે તો મારું સત્ય સ્વીકારવું જ રહ્યું અને એમાં જરાય પણ સંશય મને નથી કે મેં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કર્યા છે.

ૐકારધામ તીર્થની એ ભૂમિ ધન્ય બની છે જ્યારે સ્વયં પ્રભુનું પ્રાગટ્ય થયું. જીવનની એ અલૌકિક પળ પછી મને એવું લાગ્યું કે આ ક્ષણ પછી કદાચ સદેહ આ દુનિયામાં નથી હું તો પણ મને એનો કોઈ અફસોસ નથી, આનંદ જ છે, પરમ આનંદ જ છે. હું પણ શોધી રહ્યો છું કે દર્શન આપવાનું આ રહસ્ય શું? ભગવાન શ્રીકૃષ્ણએ આ ધરતી પર અવતરિત થઈ મને પહેલીવાર દર્શન આપ્યા અને શ્રીમદ્ ભાગવત ચાલીસાની રચના મને પ્રેરણા આપીને કરાવી એની પાછળનું કારણ શું? ચોક્કસ એનું કારણ હું શોધવાનો પ્રયત્ન કરીશ પરંતુ ભગવાનની લીલા ભગવાન જ જાણે. શ્રીમદ્ ભાગવત ચાલીસાના શબ્દોનું જ્યારે આપ શ્રવણ કરશો ત્યારે ચોક્કસ કહેશો કે આ શબ્દો સ્વયં ભગવાન જ લખાવી શકે અથવા તો ભગવાન જ લખી શકે. કોઈ મનુષ્યના હાથની આ વાત નથી.

હનુમાન ચાલીસાની રચના તુલસીદાસજી પાસે હનુમાનજી જ કરાવી શકે. એ તમે હનુમાન ચાલીસાના પઠન પછી ચોક્કસ અનુભવ્યું હશે. સંત તુલસીદાસજી બહુ જ મહાન જ્ઞાની હતાં. પરંતુ હનુમાન ચાલીસા હનુમાનજી સ્વયં જ્યાં સુધી ના લખાવે ત્યાં સુધી શક્ય નથી.

આ ભારતની ભૂમિમાં લાખો સંતોના દિવ્ય ચમત્કારોની ગાથા આપણે સાંભળતા રહ્યા છે પરંતુ આપણી જોડે આ ચમત્કાર થાય છે, જ્યારે આપણી જોડે આ ઘટના થાય છે અને આ ઘટના જ્યારે હું તમને

કહી રહ્યો છું એની પાછળનું કારણ એ છે કે લાખો સંતો પોતાને ઈશ્વરે જે દર્શન આપ્યા છે એની ઘટના કહી શક્યો નહોતા કારણકે ત્યારે ડીજીટલ યુગ ન હતો. એમની વાત રેકૉર્ડ થઈ શકે એમ નહોતી. સત્યઘટના એમના મુખે શ્રવણ કરવાનું ભક્તોના ભાગ્યમાં નહોતું એમ કહેવાય. જ્યારે આજે સત્ય ઘટના હું તમને કહી રહ્યો છું કે ઈશ્વર છે, ભગવાન શ્રીકૃષ્ણ છે અને આ બ્રહ્માંડ એ ચલાવી રહ્યા છે.

તો ભક્તજનો આ શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું પઠન કરો જેનું સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના તેજોમય આશીર્વાદથી સર્જન થયું છે, એમના જ શબ્દો છે. હું તો માત્ર નિમિત્ત છું. મારે જે કહેવાનું હતું એ સત્ય રીતે સાચા હૃદયથી લખી લીધું છે. ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ આપના પર સદાય રહે અને શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું શ્રવણ આપના જીવનને ધન્ય બનાવે એવી ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના.

હવે હું આપને જન્માષ્ટમીના પાવન દિવસથી ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધના આપું છું.

## ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધનાની માહિતી

નીચે આપેલો મંત્ર જન્માષ્ટમીથી શરૂ કરી એક વર્ષ સુધીમાં ૧૦૮૦૦૦ (એક લાખ આઠ હજાર) વખત કરીને સિદ્ધ કરવો અને ૐઋષિ રચિત શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનો પાઠ રોજ એકવાર કરવો.

**મંત્રઃ**

**॥ ૐ કૃષ્ણાય પ્રાંગમ પ્રાંગમ ગોવર્ધનાય નમઃ ॥**



# રક્ષાબંધન

## વર્ષ ૨૦૨૫ માં રક્ષાબંધનના પવિત્ર દિવસે ભાઇને રાખડી બાંધતી વખતે કરવાનો દિવ્યમંત્ર

(૧) બહેને લાલ અથવા લીલા કલરના વસ્ત્ર પહેરવા.

(૨) ભાઈઓ કાળા વસ્ત્ર સિવાયનાં કોઈપણ વસ્ત્ર રાખડી બંધાવતી વખતે ધારણ કરી શકે છે.

(૩) દરેક બહેનોએ નીચે આપેલો મંત્ર ૩ (ત્રણ) વખત બોલી અને પછી ભાઈને રાખડી બાંધવી.

**મંત્ર : ॥ ૐ શુભસ્ય શુભસ્ય કાર્યેષુ પૂર્ણાની નમઃ ॥**

**રક્ષાબંધનના દિવસે રાખડી બંધન સવારે ૫:૫૦ વાગ્યા થી બપોરના ૧:૨૦ વાગ્યા સુધી કરી શકાય.**

**આ વખતે રક્ષાબંધન તારીખ : ૯-૮-૨૦૨૫, શનિવારના રોજ છે.**

**ૐકારનાં દિવ્ય આશીર્વાદ અને ચૈતન્ય દરેક ભાઇ બહેન ઉપર રહે એવા મારા આશીર્વાદ છે.**

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૭-૨૦૨૫ | સોમવાર | ૐ પ્રજાતિકા | ૦૬-૦૮-૨૦૨૫ | બુધવાર | ૐ રામરક્ષા |
| ૨૨-૦૭-૨૦૨૫ | મંગળવાર | ૐ કાવિકા | ૦૭-૦૮-૨૦૨૫ | ગુરુવાર | ૐ શિવારક્ષા |
| ૨૩-૦૭-૨૦૨૫ | બુધવાર | ૐ રાવિન્ય | ૦૮-૦૮-૨૦૨૫ | શુક્રવાર | ૐ ઈન્દ્રદેવાય |
| ૨૪-૦૭-૨૦૨૫ | ગુરુવાર | ૐ ધનપ્રાપ્તિ | ૦૯-૦૮-૨૦૨૫ | શનિવાર | ૐ ઓમેશ્વર |
| ૨૫-૦૭-૨૦૨૫ | શુક્રવાર | ૐ ધનલક્ષ્મી | ૧૦-૦૮-૨૦૨૫ | રવિવાર | ૐ સિધ્ધીતા |
| ૨૬-૦૭-૨૦૨૫ | શનિવાર | ૐ કુબેરરક્ષા | ૧૧-૦૮-૨૦૨૫ | સોમવાર | ૐ લાવિતા |
| ૨૭-૦૭-૨૦૨૫ | રવિવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૧૨-૦૮-૨૦૨૫ | મંગળવાર | ૐ અષ્ટલક્ષ્મીદેવી |
| ૨૮-૦૭-૨૦૨૫ | સોમવાર | ૐ સર્વકાર્યસિધ્ધિ | ૧૩-૦૮-૨૦૨૫ | બુધવાર | ૐ કમલાદેવી |
| ૨૯-૦૭-૨૦૨૫ | મંગળવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૧૪-૦૮-૨૦૨૫ | ગુરુવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૩૦-૦૭-૨૦૨૫ | બુધવાર | ૐ ગુરુશક્તિદેવ | ૧૫-૦૮-૨૦૨૫ | શુક્રવાર | ૐ ચક્રેશ્વરીદેવી |
| ૩૧-૦૭-૨૦૨૫ | ગુરુવાર | ૐ ચંદ્રશક્તિદેવ | ૧૬-૦૮-૨૦૨૫ | શનિવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૦૧-૦૮-૨૦૨૫ | શુક્રવાર | ૐ શુક્રશક્તિદેવ | ૧૭-૦૮-૨૦૨૫ | રવિવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી |
| ૦૨-૦૮-૨૦૨૫ | શનિવાર | ૐ બુધશક્તિદેવ | ૧૮-૦૮-૨૦૨૫ | સોમવાર | ૐ સૂર્યશક્તિદેવ |
| ૦૩-૦૮-૨૦૨૫ | રવિવાર | ૐ કેતુશક્તિદેવ | ૧૯-૦૮-૨૦૨૫ | મંગળવાર | ૐ ધનત્ય |
| ૦૪-૦૮-૨૦૨૫ | સોમવાર | ૐ રાહુશક્તિદેવ | ૨૦-૦૮-૨૦૨૫ | બુધવાર | ૐ ત્રતા |
| ૦૫-૦૮-૨૦૨૫ | મંગળવાર | ૐ મંગલશક્તિદેવ | | | |

# સૂર્યમંદિરનો સંકલ્પ

(સંપૂર્ણ સત્યઘટના)

"બેટા ભરત, આજે રવિવાર છે. ઘણાંબધાં પ્રવાસીઓ આજે સૂર્યમંદિર જોવા માટે આવશે. તું કામ ઉપર જઇશ તો ઘરમાં બે રૂપિયા આવશે." પુષ્પાએ પચ્ચીસ વર્ષના દીકરા ભરતને ઢંઢોળીને પથારીમાંથી ઉઠાડતા કહ્યું હતું.

"મા, મારે આ ગાઇડનું કામ નથી કરવું. હું અમદાવાદ જઇ કોઇ સારી નોકરી કરવા માંગુ છું, પણ ભણ્યો નથી એટલે બધે જ નોકરી કરવામાં તકલીફ પડે છે." ભરતે પથારીમાંથી ઊભા થઇ પુષ્પા સામે જોઇ કહ્યું હતું.

"તું ભણતો હતો ત્યારે હું કાયમ કહેતી કે બેટા, ભણવામાં ધ્યાન રાખ અને મિત્રોથી દૂર રહે, પરંતુ તું માન્યો નહિ. ભણતર વગર જીવનનું ચણતર ના થાય અને એટલેજ અગિયારસો વર્ષ જૂનું ચણતર થયેલું સૂર્યમંદિર બતાવી તારે અને મારે આ પહાડ જેવું જીવન વ્યતિત કરવું પડે છે." પુષ્પા એને સમજાવી રહી હતી કે ચાબખા મારી રહી હતી એ ભરતને સમજાયું ન હતું.

ભરત અનિચ્છાએ ઊભો થયો અને ઝડપથી તૈયાર થઇ સૂર્યમંદિરના ગેટ પાસે આવીને ઊભો રહ્યો.

થોડી જ વારમાં બે યુરોપીયન જ્હોન અને ડાયના એની પાસે આવીને ઊભા રહ્યા. સૂર્યમંદિર આખું ફેરવવાના અને એના ઇતિહાસ સમજાવવાના પાંચસો રૂપિયા નક્કી કર્યા અને એ બંન્નેને લઇ સૂર્યમંદિરમાં દાખલ થયો.

ભરતે પોતાના રોજના ક્રમ પ્રમાણે ભાંગ્યા-તૂટ્યા અંગ્રેજીમાં સૂર્યમંદિર વિશે ગોખેલું જ્ઞાન જ્હોન અને ડાયનાને કહેવા માંડ્યુ હતું.

" પુષ્પાવતી નદીના કિનારે મહેસાણા જિલ્લામાં સ્થિત મોઢેરા ગામમાં આ સૂર્યમંદિર પ્રતિષ્ઠા પામેલું છે. આ સૂર્યમંદિર ભારતના વિલક્ષણ સ્થાપત્ય તેમજ શિલ્પ કલાનું બેજોડ ઉદાહરણ છે. સોલંકી વંશના રાજા ભીમદેવ પ્રથમે ઇ.સ.૧૦૨૬ થી ૧૦૨૭માં આ મંદિરનું નિર્માણ કર્યું હતું. આ મંદિરના મુખ્ય ત્રણ ભાગ છે. એક ગૂઢ મંડપ એટલે કે મુખ્ય મંદિર અને બીજો ભાગ સભા મંડપ અને ત્રીજો ભાગ જળાશય છે. મંડપોના બહારના ભાગ ઉપર તથા મંદિરના થાંભલાઓ ઉપર અત્યંત સૂક્ષ્મ કોતરણી કરવામાં આવી છે. કુંડમાં નીચે સુધી જવા માટે પગથિયાં બનાવવામાં આવ્યા છે જ્યાં નાના-નાના મંદિરો પણ આવેલા છે. " ભરતે પોતાનું ગોખણિયું જ્ઞાન જ્હોન અને ડાયના સામે રજૂ કર્યું હતું.

"રાજા ભીમદેવ પ્રથમે આ સૂર્યમંદિર કેમ બનાવ્યું?" ભરતની પાછળથી એક અવાજ આવ્યો.

ભરતે પાછળ ફરીને જોયું તો એક ઝભ્ભો-લેંઘો પહેરેલા યુવાને આ સવાલ એને કર્યો હતો.

"મને ખબર છે રાજા ભીમદેવ પ્રથમે આ સૂર્યમંદિર કેમ બનાવ્યું, પરંતુ અંગ્રેજીમાં મને કહેતા નથી આવડતું." ભરતે પોતાની વ્યથા યુવાનને કહી હતી.

"મારું નામ નચિકેત છે. તું ચિંતા ના કર. તું મંદિર બનાવવા પાછળનું કારણ બોલવાનું શરૂ કર. હું પણ સાંભળીશ અને અંગ્રેજીમાં અનુવાદ કરી આ બંન્ને પર્યટકોને પણ તારો શબ્દેશબ્દ સમજાવી દઇશ." આટલું બોલી નચિકેત જમીન ઉપર બેસી

|| ૐ નમઃ ||

ગયો અને બંન્ને યુરોપીયનોને પણ જમીન ઉપર બેસવા કહ્યું હતું.

**ભરત પણ અનિચ્છાએ જમીન ઉપર બેઠો.**

“મારા પિતા રામભાઇ પણ આ મંદિરના ગાઇડ હતાં. પાંચ વર્ષ પહેલા એ મૃત્યુ પામ્યા. એમણે મારી માને રાજા ભીમદેવ પ્રથમે આ સૂર્યમંદિર કેમ બનાવ્યું એની સત્યઘટના કહી હતી, જેનો ઉલ્લેખ કોઇપણ ગ્રંથમાં નથી, પરંતુ મારા પિતાને આ વાતની કઇ રીતે ખબર પડી એ વાત મને ખબર નથી. તમે કહેતા હોય તો એમણે કીધેલી આ સૂર્યમંદિરની સ્થાપના વિશેની વાત આપને જણાવું.” ભરતે નચિકેતને કહ્યું અને નચિકેતે ભરતે કહેલી વાત યુરોપીયનોને પણ સમજાવી હતી.

**“હા, તું જે જાણતો હોય તે અમને જણાવ.” નચિકેતે ભરતને કહ્યું.**

“ સોલંકી વંશની ગાદી ઉપર આવ્યા પહેલાથી જ રાજા ભીમદેવ પ્રથમ સૂર્યદેવની ઉપાસના કરતા હતાં અને તેઓ માનતા હતાં કે સૂર્યદેવ એકમાત્ર એવા દેવ છે જે આપણે ચર્મચક્ષુથી જોઇ શકીએ છીએ. માટે જે દેખાય છે એ દેવની પૂજા અવશ્ય કરવી જોઇએ. સૂર્યદેવને જળ ચઢાવવું, સૂર્યદેવના મંત્રોનો પાઠ કરવો આ એમના નિત્યક્રમમાં હતું. રાજા ભીમદેવે ગાદી ઉપર બેસતા પહેલા એવો સંકલ્પ કર્યો હતો કે જો હું સોલંકી વંશનો રાજા બનીશ તો હું સૂર્યદેવનું મંદિર બનાવીશ. સૂર્યદેવે સ્વયં એમની વાત સાંભળી અને એમને રાજા બનાવ્યા એવું એ માનતા હતાં. રાજા બન્યા બાદ તે રાજકાજમાં પરોવાઇ ગયા. પરંતુ રોજ સૂર્યપૂજા અને સૂર્યદેવના મંત્ર નિયમિત રીતે એ કરતા હતાં. પરંતુ મંદિર બનાવવાનો સંકલ્પ રાજા બન્યા બાદ એમના મનમાંથી વિસરાઇ ગયો.” આટલું બોલી ભરત ઊભો રહ્યો અને બોટલમાંથી થોડું પાણી પીધું હતું.

**ભરત પાણી પી રહ્યો હતો ત્યાં સુધી નચિકેતે ભરતે કીધેલી આખી વાત બંન્ને યુરોપીયનોને કહી હતી.**

“એક દિવસ રાજા ભીમદેવ પ્રથમ અચાનક આવેલી માંદગીના કારણે પથારીવશ થઇ ગયા. રાજવૈદ્યના ખૂબ પ્રયત્ન છતાં પણ પથારીમાંથી એ અસાધ્ય માંદગીના કારણે ઊભા થઇ શકતા ન હતાં. એક દિવસ રાજાના મંત્રીએ એમનું પ્રસન્ન થાય એ માટે એમના માટે નૃત્યનું આયોજન કર્યું. પથારીમાં સુતા-સુતા રાજા ભીમદેવ પ્રથમ નૃત્ય નિહાળી રહ્યા હતાં એ વખતે અચાનક નૃત્યાંગનાનું નૃત્ય દેખતા-દેખતા એમને સૂર્યમંદિર બનાવવાનો કરેલો સંકલ્પ યાદ આવ્યો. બે હાથથી તાળી પાડી નૃત્ય એમણે અટકાવી દીધું અને આંખ બંધ કરી સૂર્યદેવને મનોમન નમસ્કાર કરી સૂર્યમંદિર બનાવવા માટેનો સંકલ્પ ફરીવાર કર્યો અને એક વર્ષમાં સૂર્યમંદિર પૂર્ણ કરાવીશ એવી પ્રતિજ્ઞા પણ લીધી. હવે તમે સૂર્યદેવના આશીર્વાદ સમજો કે રાજા ભીમદેવ પ્રથમે કરેલી એમની સંકલ્પ શક્તિ ગણો પરંતુ બીજા જ દિવસે તેઓ પથારીમાં બેઠાં થઇ ગયા અને અસાધ્ય દેખાતી માંદગીમાંથી બહાર આવી ગયા અને તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયા. સૂર્યમંદિર બનાવવા માટે જમીન શોધવાનો આદેશ એમણે એમના મંત્રીઓને આપી દીધો. એક મહિનામાં મોઢેરા ગામની આ જમીન રાજા ભીમદેવ પ્રથમને સૂર્યમંદિર માટે ખૂબ ગમી ગઇ અને એમણે પોતાનો વિસરાઇ ગયેલો

સંકલ્પ પોતાની માંદગીના સમયમાં જે નૃત્યાંગના થકી યાદ આવ્યો એને મોટું ઇનામ પણ રાજા ભીમદેવ પ્રથમે આપ્યું. મોઢેરાનું સૂર્યમંદિર વિશ્વની અજોડ શિલ્પ અને સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ છે.” ભરતે સૂર્યમંદિર વિશે એના પિતાએ કીધેલી વાત પૂર્ણ કરતા કહ્યું.

નચિકેતે ભરતે કીધેલી આખી વાત અંગ્રેજીમાં જ્હોન અને ડાયનાને કહી હતી. બંન્ને જણ વાત સાંભળીને ખુશ થઇ ગયા અને અંદરોઅંદર બંન્ને જણ સૂર્યમંદિર વિશે વાત કરવા લાગ્યા.

“ભરત તારી વાત સાચી છે.” નચિકેતે એના ખભા ઉપર હાથ મુકીને કહ્યું.

“નચિકેતભાઇ, તમે આટલા વિશ્વાસથી કઇ રીતે કહી શકો કે મારા પિતાએ કીધેલી વાત સાચી છે?” ભરતે આશ્ચર્યચકિત થઇ નચિકેતને પૂછ્યું હતું.

“ જે નૃત્યાંગનાને જોઇને રાજા ભીમદેવ પ્રથમને એમણે કરેલો સંકલ્પ યાદ આવ્યો એ વખતે જે નૃત્યાંગના નૃત્ય કરી રહી હતી એનું નામ સુરભી હતું અને એ નૃત્યને જોઇ રહેલા રાજા ભીમદેવ પ્રથમ હું હતો. મને આ વાત અગિયારસો વર્ષ દરમ્યાન જેટલા જન્મ મેં મનુષ્ય અવતારે લીધા એ દરેક જન્મમાં મેં આ સૂર્યમંદિર બનાવ્યું છે એ વાત કુદરતે યાદ રખાવી છે. આ મંદિરની પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી કરી હતી અને અગિયારસો વર્ષ પછી પણ આ જ સૂર્યમંદિરમાં આજે તારી સામે બીજા દેહસ્વરૂપમાં ઊભો છું. છેલ્લા અગિયારસો વર્ષમાં કુદરતે મને જેટલા મનુષ્ય અવતાર આપ્યા એ દરેક મનુષ્ય અવતારમાં મારા બનાવેલા આ સૂર્યમંદિરને જોવા ઓછામાં ઓછો એકવાર તો હું આવ્યો જ છું. વર્ષો પહેલા જ્યારે હું એક બીજા મનુષ્યદેહમાં હતો ત્યારે તારા પિતા રામભાઇને મેં આ સૂર્યમંદિર વિશે અને મારા વિશેની હકીકત જણાવી હતી.” ભરત નચિકેતની વાત સાંભળીને આભો બની ગયો.

ભરત અનાયાસે નચિકેતના પગે પડી ગયો. નચિકેતે એને ઊભો કર્યો અને એ પોતે ત્યાંથી ચાલી નીકળ્યો.

સાંજે આવી ભરતે આખી વાત એની મા પુષ્પાને કહી હતી.

“તારા પિતાને સ્વયં રાજા ભીમદેવ પ્રથમે બીજા મનુષ્ય અવતારમાં રહીને આ વાત કરી હોય તો આપણે આ ઘટનાને ઈશ્વરનો આશીર્વાદ સમજવો જોઇએ. મને લાગે છે કે રાજા ભીમદેવ પ્રથમ જન્મોજનમ એમના પૂરા નહીં કરે ત્યાં સુધી જ્યારે-જ્યારે મનુષ્ય બનશે ત્યારે-ત્યારે સૂર્યમંદિર એમને અહીં ખેંચી લાવશે. તું કાલે અમદાવાદ જતો રહે અને ત્યાં નોકરી શોધી લે. હવે તારે સૂર્યમંદિરના ગાઇડ બનવાની જરૂર નથી.” પુષ્પાએ દીકરા ભરતને કહ્યું હતું.

“ના મા, હવે તો હું કાયમ સૂર્યમંદિરનો જ ગાઇડ રહીશ. જે મંદિરને બનાવનાર સ્વયં મને મળ્યા હોય ત્યારે એમણે બનાવેલ આ ભવ્ય સૂર્યમંદિરના ગાઇડ બનવામાં પણ જીવન સાર્થક થયું ગણાય.” આટલું બોલી ભરત સ્નાન કરવા માટે જતો રહ્યો.

પુષ્પા દીકરા ભરતના મનોબળને એકીટસે જોઇ રહી હતી અને સૂર્યમંદિર બનાવનાર રાજા ભીમદેવ પ્રથમને અને સૂર્યદેવને મનોમન વંદન કરી રહી હતી.

લિ. ૐગુરૂ

# માથા ઉપરનું ઋણ ઉતરી ગયું

હું વર્ષ-૨૦૧૨ માં પરમ પૂજ્ય ગુરુજીને મળ્યો હતો. એ વખતે મારા માથા પર ૩૦ લાખ રૂપિયાનું દેવું હતું અને મારી ઉંમર ૫૦ વર્ષની હતી. છેલ્લા બે વર્ષથી નોકરી ન હતી. પિતાના પેન્શનથી ઘર ચાલતું હતું. એક દિવસ નિત્યક્રમ પ્રમાણે ઘરની નજીક આવેલ શિવ મંદિરે દર્શન માટે ગયો. મંદિરના પૂજારીએ મને ૐકાર ચાલીસા આપી અને કહ્યું કે આનો પાઠ કરશો તો તમને ફાયદો થશે.

ઘરે આવ્યા બાદ એકવાર મેં ૐકાર ચાલીસાનો પાઠ કર્યો અને મને ગુરુજીને મળવાની પ્રેરણા થઇ. લગભગ એક અઠવાડિયા બાદ હું ગુરુજીની સામે એમના કક્ષમાં બેઠો હતો. પરમ પૂજ્ય ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઇને એક દિવ્ય મંત્ર આપ્યો અને 'ત્રિદિતા'નો પ્રયોગ બતાવ્યો અને ૐકાર ચાલીસાનો પાઠ કરવા કહ્યું.

ઘરે આવીને ગુરુજીની આજ્ઞા પ્રમાણે મેં ૐકાર ચાલીસાનો પાઠ અને મંત્ર રાત્રે ૯ થી ૧૧ માં કરવાનું શરૂ કરી દીધું. મંત્ર કર્યાના પાંચ મહિનામાં જ મને મલેશિયા જવાની એક ઓફર આવી. પરમ પૂજ્ય ગુરુજીએ આજ્ઞા આપી અને હું મલેશિયા પહોંચી ગયો. પરંતુ ત્યાં ખૂબ જ તકલીફ હતી. ૧૮ કલાક કામ કરવું પડતું હતું. પરંતુ ગુરુજીના એક જ શબ્દના આધાર ઉપર હું ટકી રહ્યો હતો, "તું ચિંતા ના કર, હું બેઠો છું." મેં હિંમત ટકાવી રાખી અને ત્રણ વર્ષ સુધી સતત મહેનત પછી મને ફળ મળ્યું. મારું સંપૂર્ણ દેવું તો ચૂકતે થઇ જ ગયું અને આર્થિક રીતે પણ સદ્ધર થઇ ગયો. હવે હું કાયમ માટે મલેશિયા ગુરુજીના આશીર્વાદથી અને એમના કહ્યા પ્રમાણે સેટ થઇ ગયો છું. ટૂંકમાં એટલું કહીશ કે ધાર્યા કરતા પણ ગુરુજીએ મને વધુ સમૃદ્ધ બનાવ્યો છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા સાષ્ટાંગ દંડવત......

લી. કેતન ઝરીવાલા (મલેશિયા)

**આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ૐકાર ચાલીસા રાત્રે ૯ થી ૧૧ માં બે વખત કરો અને ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે મહિનામાં એક રવિવારે અચૂક જાઓ. આપનું કોઇપણ કાર્ય અચૂક પાર પડી જશે.**

## શાંતિનો... આનંદ અનુભવાયો

છેલ્લા પંદર વર્ષથી જ્યારથી હું મહેસાણાથી અમદાવાદ આવ્યો ત્યારથી પોતાનું ઘર કરવા માટે મહેનત કરી રહ્યો હતો, પરંતુ સફળતા મળતી ન હતી. ૨૦૧૮માં હું પરમ પૂજ્ય ગુરુજીને મળ્યો અને કહ્યું, ગુરુજી મારા જીવનનું એકમાત્ર સ્વપ્ન છે કે મારું પોતાનું ઘર થાય. હું મહેસાણામાં જન્મ્યો ત્યારે પણ મારા પિતા ભાડાના ઘરમાં રહેતા હતા અને એમણે જીવનનો છેલ્લો શ્વાસ પણ ભાડાના ઘરમાં જ લીધો. મેં મારી માતાને વચન આપ્યું છે કે તારો છેલ્લો શ્વાસ ભાડાના ઘરમાં નહીં નીકળે. આપણું પોતાનું ઘર હશે. પરંતુ અમદાવાદ વર્ષોથી આવ્યા બાદ પણ પોતાનું ઘર કરી શક્યો નથી. દર વર્ષે આવક વધે એની સામે ઘરની કિંમત પણ વધતી જાય. બસ મારું પોતાનું એક નાનું ઘર થઇ જાય એનાથી મોટું મારું કોઇ સ્વપ્ન નથી.

ભક્તશ્રીની વાત સાંભળીને મેં એમની મુખમુદ્રા અને ઓરા પ્રમાણે મંત્ર અને ભૂમિત્યાયાનો પ્રયોગ બતાવ્યો અને કહ્યું કે એક વર્ષની અંદર પોતાનું ઘર થઇ જશે. એક વર્ષ ને ઉપર ત્રણ મહિના વીત્યા હશે ને ભક્તશ્રીએ આવીને કહ્યું કે ગુરુજી આપના આશીર્વાદથી ન્યુ વાસણામાં મારું પોતાનું ઘર થઇ ગયું, હું આજે જ ટોકન આપીને આવ્યો છું. હું જેવું ઘર ઇચ્છતો હતો એવું જ ઘર મને મળી ગયું. આજે હું ૪૨ વર્ષનો થયો છું અને ગુરુજીના આશીર્વાદથી હું હવે મારા પોતાના ઘરમાં રહેવા જઇ શકીશ. પરમ પૂજ્ય ગુરુજીના આવા જ આશીર્વાદ મારા ઉપર બની રહે એવી એમના ચરણોમાં પ્રાર્થના સાથે હજારોવાર કોટિ કોટિ વંદન....

લી. ધીરેન પટેલ (અમદાવાદ)

આપ પણ આપના જીવનમાં આવા કોઇ પ્રશ્નથી અટવાયેલા હોય તો નીચે આપેલ મંત્ર ૩ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

મંત્ર : ॥ ૐ ભૂમિતાતી ભૂમિતાતી નમઃ ॥

## વર્ષો જૂની પેટની પીડા દૂર થઇ

મારું નામ દિવ્યા પટેલ છે. છેલ્લા વીસ વર્ષથી પેટની તકલીફથી હું પરેશાન રહેતી હતી. બધાં જ પ્રકારના રિપોર્ટ અને દવા કરાવી પરંતુ કોઇ ફાયદો જણાયો નહિ. મારી મિત્ર રાધિકાના કહેવાથી મેં પરમ પૂજ્ય ગુરુજીની પૂનમ ભરવાનું શરૂ કર્યું.

લગભગ ૯ પૂનમ પતી હશે ને ગુરુજીએ આપેલા આશીર્વાદથી મારી પેટની સંપૂર્ણ પીડા દૂર થઇ ગઇ. પરમ પૂજ્ય ગુરુજીએ એમના આશીર્વાદની એવી તો વર્ષા વરસાવી કે ૨૦ વર્ષ જૂની પીડા પૂર્ણપણે દૂર થઇ ગઇ. સદ્‌ગુરુ ૐઋષિના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. દિવ્યા પટેલ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ગુરુજીની પૂનમ અવશ્ય ભરો. આપના જીવનમાં પણ ચમત્કારિક ફાયદો થશે.**

## ડિપ્રેશનની દવા બંધ થઇ

પરમ પૂજ્ય ગુરુજીને મળતા પહેલા મારો દીકરો ડિપ્રેશનનો શિકાર બન્યો હતો. હું જ્યારે મારા દીકરાના પ્રશ્ન માટે ગુરુજીને મળી ત્યારે એમણે મને મંત્રશક્તિપાતનો ઓડિયો રેકોર્ડ કરી આપ્યો અને રોજ બે વખત દીકરાને સંભળાવવાની સલાહ આપી. તેમજ ૐકાર ચાલીસાનો પાઠ નિયમિત દિવસમાં બે વાર કરવા કહ્યું.

મેં ગુરુજીની આજ્ઞા પ્રમાણે પ્રક્રિયાઓ શરૂ કરી. છ મહિનામાં એનું પરિણામ ઘરમાં અમને બધાંને દેખાવા લાગ્યું. દીકરો ઘરમાંથી બહાર જતો થયો, ભણતર જે મુકી દીધું હતું એ શરૂ કર્યું અને ધીમે-ધીમે ડિપ્રેશનની દવાઓ પણ બંધ થઇ. આજે જ્યારે હું અનુભવ લખું છું ત્યારે મારો દીકરો ભણીને તૈયાર થઇ ગયો છે અને નોકરીની શોધ કરી રહ્યો છે. ગુરુજીના ચરણોમાં વંદન....

લી. દીપિકા પટેલ (કેનેડા)

**આપ પણ આપના જીવનમાં આવી સમસ્યાથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ પર સદ્‌ગુરુ ૐઋષિ ચેનલ ઉપર દર પૂનમે આપવામાં આવતો માનસિક પીડામાંથી મુક્ત થવા માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો. તેમજ ૐકાર ચાલીસા લેખન અને પઠન રોજ નિયમિત કરો.**

# રેડીઅન્ટ ઓર્થોપેડિક હોસ્પિટલ
### અને ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા યોજાયેલ

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
'માનવસેવા એ જ ઈશ્વરસેવા'
ॐकार फाउण्डेशन ट्रस्ट

## મફત નિદાન-દવા કેમ્પ

આ ઓર્થોપેડિક નિદાન કેમ્પ તારીખઃ ૧ જૂન, ૨૦૨૫ - રવિવારના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ. જેમાં ઘૂંટણના દુઃખાવાથી પીડિત ૨૦૦ થી વધુ પેશન્ટોની રેડીઅન્ટ ઓર્થોપેડીક હોસ્પિટલના નિષ્ણાંત ડૉ. હર્ષિલભાઇ શાહ દ્વારા તપાસ કરવામાં આવેલ અને નિઃશુલ્ક દવા પણ આપવામાં આવેલ. ડૉ. હર્ષિલભાઇ શાહે ખૂબ જ ખંતપૂર્વક પોતાનું યોગદાન આપી સવારના ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી દરેક પેશન્ટની તપાસ કરેલ અને યોગ્ય નિદાન કરેલ અને દરેક પેશન્ટે ખૂબ જ સંતોષકારક માર્ગદર્શન મળ્યાનો પ્રતિભાવ આપેલ. માનવસેવાના કાર્યમાં સતત પ્રયત્નશીલ એવા પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી (ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી) અને રેડીઅન્ટ હોસ્પિટલના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.
















જાહેર આમંત્રણ
રેડીઅન્ટ ઓર્થોપેડિક હોસ્પિટલ
મફત નિદાન - દવા કેમ્પ
અન્નપૂર્ણા હોલ,


માનવસેવાના ઉમદા કાર્યમાં સતત પ્રયત્નશીલ અને પ્રેરણાદાયક

# સેવા ધર્મ ફાઉન્ડેશન

(મેનેજીંગ ટ્રસ્ટી પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી) અને

## રેડીઅન્ટ ઓર્થોપેડીક હોસ્પિટલ (ડૉ. હર્ષિલભાઇ શાહ)

ના સંયુક્ત સહયોગથી

૫૮ વર્ષની ઉંમર ધરાવતા વજુબેન ચાવડા નામના પેશન્ટનું

Bilateral Knee Replacement ઓપરેશન કરવામાં આવ્યું.








# શ્રાવણ માસમાં ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધના - પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

ભારતવર્ષમાં સદીઓથી શ્રાવણ માસનું સવિશેષ મહત્ત્વ રહ્યું છે. વર્ષમાં શ્રાવણ માસને સૌથી વધુ પવિત્ર માસ ગણવામાં આવે છે અને એટલે જ શ્રાવણને માસોમાં ઉત્તમ માસોત્તમ માસ કહેવામાં આવે છે. હિન્દુ પંચાગ અનુસાર દરેક માસ કોઇને કોઇ દેવતા સાથે સંબંધિત છે. તેવી જ રીતે શ્રાવણ માસમાં શિવપૂજા, શિવભક્તિ, ઉપાસનાનું અધિક મહત્ત્વ છે. પૂર્ણિમા તિથિનું શ્રવણ નક્ષત્ર સાથે યોગ થવાથી શ્રાવણ માસનું સ્વરૂપ પ્રકાશિત થાય છે. આ માસ ઇચ્છાપૂર્તિનો સમય ગણાય છે. જેવી રીતે પ્રકૃતિ ગ્રીષ્મની કાળઝાળ ગરમીને સહન કરતી શ્રાવણની વર્ષાથી પોતાની પ્યાસ બુઝાવે અને અસીમ તૃપ્તિ અને આનંદ પ્રાપ્ત કરે છે તેવી જ રીતે મનુષ્ય જીવનનાં સુનાપનને દૂર કરવા માટે આ માસમાં ભક્તિ અને મનોકામનાપૂર્તિનો અનોખો સંયોગ સિદ્ધ થાય છે.

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં પણ શ્રાવણ માસનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ જોવા મળે છે. શ્રવણ નક્ષત્ર તથા સોમવારથી ભગવાન શિવનો ઊંડો સંબંધ છે. શ્રાવણ માસ ભગવાન શિવને અતિ પ્રિય છે. તે પાછળ એવું કહેવાય છે કે દક્ષપુત્રી સતીએ પોતાનું જીવનત્યાગ કરીને ફરીવાર હિમાલય રાજાનાં ઘરે પાર્વતીરૂપે જન્મ લીધો અને દેવી પાર્વતી શિવને તેનાં પતિનાં રૂપે પામવા ઇચ્છતી હતી માટે તેણે શ્રાવણ માસમાં કઠોર તપ કર્યું. આ તપથી ભગવાન શિવ પ્રસન્ન થયા અને દેવી પાર્વતીની મનોકામના પૂર્ણ કરી. પોતાની પત્નીનાં પુનઃમિલનનાં કારણે આ માસ શિવજીને અતિપ્રિય છે.

શ્રાવણ માસમાં શિવલીંગ પર જલાભિષેકનું વિશેષ મહત્ત્વ છે અને તેને ખૂબ ફળદાયી પણ માનવામાં આવે છે. આ જલાભિષેકનાં સંદર્ભમાં એવી કથા પ્રચલિત છે કે જ્યારે દેવતાઓ અને રાક્ષસોએ મળીને અમૃત પ્રાપ્તિ માટે સમુદ્રમંથન કર્યું હતું ત્યારે મંથન સમયે સમુદ્રમાંથી અનેક પદાર્થો ઉત્પન્ન થયા હતાં અને અમૃત કલશનાં પહેલા 'કાલકૂટ' વિષ પણ નીકળ્યું. આ વિષની જ્વાળાથી સમસ્ત બ્રહ્માંડ તપવા, બળવા લાગ્યું. ત્યારે બધાં જ શિવ પાસે પહોંચ્યા અને પ્રાર્થના કરવા લાગ્યા. તેમની પ્રાર્થના સાંભળીને સૃષ્ટિને આ સંકટમાંથી બચાવવા માટે શિવજીએ આ વિષને પોતાના કંઠમાં ધારણ કરી લીધું. તેનાં ઝેરથી ભગવાન શિવનો કંઠ નીલવર્ણ થઇ ગયો. આ હળાહળનાં પાનથી શિવજીને પણ અંદરથી ઉગ્ર અગ્નિ થવા લાગી ત્યારે શ્રાવણ માસ હતો. ત્યારે દેવતાઓએ આ અગ્નિને શાંત કરવા ગંગાજળથી જલાભિષેક પ્રારંભ કર્યો. ત્યારથી શિવલિંગ પર જલાભિષેકની પરંપરા ચાલી આવે છે.

કહેવાય છે કે શ્રાવણ માસમાં જ્યોતિર્લિંગનાં દર્શન તેમજ જલાભિષેકથી 'અશ્વમેઘ' યજ્ઞ કરવા સમાન ફળ પ્રાપ્ત થાય છે. શ્રાવણ માસમાં સોમવારનું પણ ખૂબ જ વિશેષ મહત્ત્વ છે. સોમવારનો પ્રતિનિધિ ગ્રહ ચંદ્રમા છે. જે મનનો કારક છે. ચંદ્રમા શિવજીનાં મસ્તક પર બિરાજમાન છે. ભોળાનાથ સ્વયં સાધક અને ભક્તનાં મનને નિયંત્રિત કરે છે. માટે સોમવારની પૂજાને શ્રાવણ માસમાં વિશેષ ગણવામાં આવે છે.

શ્રાવણ માસમાં બિલિપત્ર અને રૂદ્રાક્ષનું પણ ખૂબ જ મહત્ત્વ જોવા મળે છે. કહેવાય છે કે રૂદ્રાક્ષ શિવનયન જળથી પ્રગટ થયા માટે શિવજીને અતિપ્રિય છે. જ્યારે બિલિપત્ર માટે એવી પૌરાણિક કથા છે કે જ્યારે ૮૯૦૦૦ ઋષિઓએ મહાદેવને પ્રસન્ન કરવાની વિધિ પરમપિતા બ્રહ્માજીને પૂછી ત્યારે બ્રહ્માજી કહ્યું કે સો કમળ પુષ્પ ચઢાવવાથી જે પ્રાપ્ત થાય તે એક અખંડ બિલિપત્ર ચઢાવવાથી મળે માટે બિલિપત્ર શિવજી પર ચઢાવવાની પરંપરા આજે પણ ચાલી આવે છે.

આમ શ્રાવણ માસ એ દેવાધિદેવ મહાદેવની આરાધના, ઉપાસના અને ભક્તિનો પર્વ છે. શ્રાવણ માસનાં પ્રત્યેક દિવસનું એક આગવું ધાર્મિક મહત્ત્વ છે. મનુષ્યમાત્રની દરેક પ્રકારની મનોકામનાપૂર્તિ અને મનોવાંછિત ફળની પ્રાપ્તિ માટે શ્રાવણ માસ એ વર્ષમાં સૌથી વધુ ઉત્તમ માસ ગણાય છે. વિવિધ પ્રકારનાં પદાર્થોથી શિવઅર્ચન, જલાભિષેક અને અનુષ્ઠાન, આરાધના દ્વારા મનુષ્ય શિવની ભક્તિ કરીને આધિ, વ્યાધિ અને ઉપાધિ એમ ત્રિવિધ તાપની પીડામાંથી મુક્ત થાય છે. જીવનમાં સુખ, શાંતિ અને ઐશ્વર્યની પ્રાપ્તિ અને સાથે જ ધર્મ અધ્યાત્મના ક્ષેત્રમાં અગ્રેસર થવા માટે મહાદેવની આરાધના માટે આ સર્વશ્રેષ્ઠ માસ છે.

## શ્રાવણ માસમાં ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધના

સૌપ્રથમ લાકડાનું બાજઠ લેવું. એના ઉપર વાદળી કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ બીલીના ર (પાન) પાન, એક મુઠ્ઠી કાળા તલ, એક મુઠ્ઠી મરી અને રૂદ્રાક્ષનો એક મણકો લેવો. ત્યારબાદ નીચે આપેલા ૐ શ્રી શિવશંભુ શક્તિઊર્જા ચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવીને સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૧૮ (અઢાર) વખત કરી ૐઋષિ રચિત ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો.

### ૐ શ્રી શિવશંભુ શક્તિઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ॐ शिवातीः ॥ | ॥ ॐ शंभुवातीः ॥ | ॥ ॐ केदारेश्वरः ॥ |
| ॥ ॐ ममलेश्वरः ॥ | ॥ ॐ महाकालेश्वरः ॥ | ॥ ॐ त्र्यंबकेश्वरः ॥ |
| ॥ ॐ ओमकारेश्वरः ॥ | ॥ ॐ नागेश्वरः ॥ | ॥ ॐ शिवेश्वरः ॥ |

**મંત્રઃ ॥ ૐ શિવાશંભુ શક્તિ ઊર્જાસુ નમઃ ॥**

**કેટલા દિવસની સાધના? :** આ સાધના સ્થાપન કર્યાનાં કુલ ૩૦ દિવસ કરવી. વચ્ચે કોઇ દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૦ દિવસ ગણીને સાધના કરવી.

**સ્થાપન કરવાનો સમય :** શ્રાવણ મહિનાનાં પ્રથમ દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા દરમિયાન સ્થાપન કરવું.

**સાધના કરવાનો સમય :** કોઇપણ સમયે કરી શકાય.

**વસ્ત્ર કયા પહેરવા? :** કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી શકાય.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ વાદળી કપડા સિવાયની બધી વસ્તુઓનું પોટલી બાંધીને સ્થાપનમાં મુકેલ ચક્ર સાથે વિસર્જન કરી દેવું. વાદળી કપડાને બીજી કોઇ સાધના કરો ત્યારે ઉપયોગમાં લઇ શકાય તે માટે મુકી રાખવું.

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન વાદળી કલરનાં વસ્ત્રમાં વાલના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા કલરનાં વસ્ત્રમાં કઠોળના ચણાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને ગુલાબી કલરનાં વસ્ત્રમાં ચોખાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન લાલ કલરનાં વસ્ત્રમાં ઘઉં ના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ કલરનાં વસ્ત્રમાં મગના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ વસ્ત્રમાં ચણાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# Karma Associates

TATA AIA LIFE INSURANCE | TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."




**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

**karmaassociatesbhavinshah@gmail.com**

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

**kalashassociates87@gmail.com**

**Golden opportunity to join our business... 99255 94767**

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# પૂનમ મહાદર્શન



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૯ ઓગષ્ટ, ૨૦૨૫**
**શનિવાર**

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**

**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**શુભ સમય**

**સવારે**
**૧૦ થી ૧ કલાકે**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**